Extra No. 232

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASADHA 2, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

(૧) જિલ્લા શિક્ષણાધિકારી અરવલ્લી મોડાસાના પત્ર ક્રમાંક:બ-૩/પરીક્ષા/૨૦૨૪-૨૫/૩૨૭૬૩, તા.૦૬/૦૬/૨૦૨૫.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

નં:ડીસી/એમ.એ.જી/પરીક્ષા/જાહેરનામું/વશી/૫૦૧/૨૦૨૫.-અરવલ્લી જિલ્લામાં વિવિધ કેન્દ્રો પર આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી ગુજરાત માધ્યમિક અને - ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા એસ.એસ.સી. ધો - ૧૦ અને એચ.એસ.સી. ધો ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા યોજાનાર છે. પરીક્ષા સમય દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે અરવલ્લી જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના વિવિધ કેન્દ્રો પર આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા એસ.એસ.સી, ધો ૧૦ અને એચ.એસ.સી. ધો - ૧૨ સામાન્ય/વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા યોજાનાર હોઈ પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ પરીક્ષા કેન્દ્રોની અંદર કોઈ પણ વ્યકિત (કાયદાથી મુક્તિ મળેલ હોય તે સિવાયના) પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર /કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત પરીક્ષાકેન્દ્રોની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ/ફોટોકોપીની દુકાનો બંધ રાખવાની રહેશે. પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષાઓ સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલ હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું અથવા ભેગા થવું નહીં, સુત્રો પોકારવા નહીં, સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઇ જવા નહીં

અપવાદ:-

આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો

(૨) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી મોડાસા અને બાયડ તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી તમામ.જિ:અરવલ્લી

(૩) ફલાઈંગ સ્કવોડના અધિકારીશ્રીઓ

સદરહુ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ ફરિયાદ-માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અરવલ્લી-મોડાસા તા.૧૨-૦૬-૨૦૨૫.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:48:50 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara